દેશ-પરદેશની
આજકાલ
aajkaaldaily.com
www.aajkaaldaily.com
Dt. 27-11-2024

# સુદામા ડેરી દ્વારા ડો. વર્ગીસ કુરીયનના જન્મદિવસ નિમિત્તે બાઇકરેલી યોજાઇ

## ભારતમાં શ્વેતક્રાંતિના પ્રણેતાને અપાયા વિશિષ્ટ શ્રદ્ધાસુમનઃ પોરબંદરથી વિશાળ સંખ્યામાં બાઇકર્સ જોડાયા




પોરબંદરમાં શ્વેતક્રાંતિની સર્જક સુદામા ડેરી દ્વારા શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીશ કુરીયનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે બાઇક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદરમાં શ્વેતક્રાંતિની સર્જક સુદામા ડેરી દ્વારા શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીસ કુરીયનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે બાઇક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

ભારતમાં શ્વેતક્રાંતિના પ્રણેતા ડોક્ટર વર્ગીસ કુરિયનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સુદામા ડેરી દ્વારા બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે સવારે સુદામા ડેરી જી.આઇ.ડી.સી. પોરબંદરથી શરૂ થઇ અને સુદામા ડેરીના કુનિયાણા સ્થિત પેકિંગ પ્લાન્ટ ઉપર પૂર્ણ થયુ હતુ. આ પ્રસંગે એવુ જણાવાયુ હતુ કે સુદામા ડેરી દ્વારા પોરબંદર જિલ્લામાં શ્વેતક્રાંતિ થઇ છે અને સમૃધ્ધિ પણ આવી છે. સુદામાડેરીએ સહકારીતાની શક્તિનું પ્રમાણ છે અને તેના માધ્યમથી પોરબંદર સહિત આજુબાજુના વિસ્તારના અસંખ્ય પશુપાલકોને આર્થિક રીતે આત્મનિર્ભર અને સક્ષમ બનાવ્યા છે. સિધ્ધ અને સફળ પુરવાર થયેલ સુદામા ડેરીએ પોરબંદરમાં દૂધનો સૌથી મોટો ઉત્પાદક સિધ્ધ થયો છે ત્યારે દર વર્ષે કરોડો લીટર દૂધ સંપાદન કરીને કરોડો રૂપિયાના વાર્ષિક સેલ્સટર્નઓવર સાથે સુદામા ડેરી પોરબંદરમાં નંબર વન બની છે. નેશનલ મિલ્ક ડે કે જે ડો. વર્ગીસ કુરીયનની જન્મજયંતી પર ઉજવવામા આવે છે જે અવસરે પશુપાલકોની સેવામાં અને રાષ્ટ્રના વિકાસમાં સુદામાડેરી હમહંમેશ મહત્વનું યોગદાન આપતી રહેશે તેવો કોલ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાઇકરેલીનું પ્રસ્થાન થયુ ત્યારે પૂર્વ કેબીનેટમંત્રી બાબુભાઇ બોખીરીયા, શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘલી. (સુદામા ડેરી)ના ચેરમેન ભરતભાઇ ઝવાભાઇ ઓડેદરા, વાઇસ ચેરમેન ભરતભાઇ ભીમાભાઇ બોખીરીયા, ડિરેક્ટર અરજનભાઇ ભુતીયા, વિરમભાઇ કારાવદરા, નાગાભાઇ માલાભાઇ ઓડેદરા, મેનેજીંગ ડિરેક્ટર શ્રીકાંતભાઇ ભટ્ટ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તાજા સમાચાર માટે
ડાઉનલોડ કરો આજકાલ
એપ્લીકેશન
aajkaaldaily

# ડો. વર્ગીસ કુરીયનના જન્મદિવસ નિમિત્તે બાઈક રેલી યોજાઈ




પોરબંદરમાં સુદામા ડેરી દ્વારા શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીશ કુરીયનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

KHABAR JAGAT 27-...

# સુદામા ડેરી દ્વારા નેશનલ મિલ્ક-ડેની ભવ્ય ઉજવણી

**ખબરપત્રી**
**પોરબંદર**

પોરબંદર જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.સુદામા ડેરી દ્વારા રાષ્ટ્રીય દુધ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શ્વેત ક્રાંતિના પ્રણેતા અને અમુલના સ્થાપક ડો.વર્ગીસ કુરીયનની જન્મ જયંતિ પ્રસંગે સમગ્ર વિશ્વમાં ૨૬ નવેમ્બરનાં રોજ નેશનલ મીલ્ક ડેની ઉજવણી કરવામાં આવે છે.




પોરબંદર જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.સુદામા ડેરી પોરબંદર તથા અમુલના સંયુકત ઉપક્રમે પોરબંદર હેડ ઓફિસથી કુતિયાણા પેકીંગ પ્લાન્ટ સુધી મીલ્ક ડે બાઇક રેલીનું આયોજન કરાયું હતું. જેમાં સુદામા ડેરીનો સ્ટાફ અને અમુલના વિતરકો મોટી સંખ્યામાં જોડાયા હતાં. આ પ્રસંગે પોરબંદરના પુર્વ ધારાસભ્ય અને પુર્વ કેબીનેટમંત્રી બાબુભાઇ બોખીરીયા, દુધ સંઘના ચેરમેન ભરતભાઇ ઓડેદરા, વાઇસ ચેરમેન ભરતભાઇ બોખીરીયા, નિયામક મંડળના સભ્યો, સુદામા ડેરીના મેનેજીંગ ડાયરેકટર શ્રીકાંતભાઇ ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપસ્થિત મહાનુભાવોએ લીલી ઝંડી બતાવીને બાઇક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનિય છે કે, ભારતમાં શ્વેત ક્રાંતિના જનક ડો.વર્ગીસ કુરીયને આજથી લગભગ ૭૮ વર્ષ પહેલા સામાન્ય દુધ મંડળીના માધ્યમથી અમુલની શરૂઆત એક નાનકડા ગામડામાંથી કરી હતી. આજે અમુલ સમગ્ર વિશ્વમાં સ્ટ્રોંગ ફુડ બ્રાન્ડ બની ગઇ છે. જેથી ડો.વર્ગીસ કુરીયનની જન્મ જયંતિ પ્રસંગે દર વર્ષે ૨૬મી નવેમ્બરે રાષ્ટ્રીય દુધ દિવસની ઉજવણી કરવામાં આવે છે.